## આંક – ૧ તળે હુકમ

૧. આ કામે અરજદાર / એવોર્ડ હોલ્ડરનાઓએ તા. ૨૬/૦૭/૨૦૨૨ ના રોજ આર્બીટ્રેટરના એવોર્ડ સંદર્ભે દરખાસ્ત દાખલ કરેલ હતી.

૨. દરખાસ્ત દાખલ કર્યા બાદ સામાવાળાઓને આંક –૪, ૫, ૧૦ અને ૧૧ થી નોટીસો કાઢવામાં આવેલી હતી જે નોટીસનો શેરો વંચાણે લેતા તેમાં જણાવેલ છે કે, સામાવાળા મળી આવેલ નથી અને નોટીસ વગર બજયે પરત આવેલી. નવા સરનામે પણ નોટીસો કાઢવામાં આવેલ છે જે વગર બજયે પરત આવેલ છે. બજવણી કરવા માટે મુદત પણ આપવામાં આવેલ છે.

૩. ત્યારબાદ સદરહું કામે આજરોજ અરજદાર તરફે નોટીસ રીઈસ્યુ કરવા અને સામાવાળા નં. ૨ ને વ્હોટસએપના માઘ્યમથી નોટીસ આપવા અરજ કરેલ છે. પરંતુ, આ કામે સામાવાળાઓ લાંબા સમય સુધી મળી આવેલ ન હોય જેથી આંક – ૧૬ ની અરજી નામંજુર કરવામાં આવેલ છે. સદરહુ દરખાસ્ત દાખલ કર્યાથી આજદિન સુધી સામાવાળાઓના બજવણીના સ્ટેજ ઉપર પેન્ડીગ છે. તેવા સંજોગોમાં સદરહુ દરખાસ્ત ઘણી જુની હોય, નામદાર સુપ્રીમકોર્ટના ચુકાદા મુજબ છ માસમાં દરખાસ્ત પૂર્ણ કરવાનું જણાવેલ હોય તેવા સંજોગોમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

૧. અરજદાર / એવોર્ડ હોલ્ડર ની હાલની દરખાસ્ત અરજી ડીસમીસ ફોર ડિફોલ્ડ (ડિ.ડિ.) કરવામાં આવે છે.

૨. અરજદાર / એવોર્ડ હોલ્ડરનાઓ સામાવાળા સંદર્ભે જરૂરી માહિતી મેળવીને દરખાસ્ત ફરીથી નિયત સમયમર્યાદામાં દાખલ કરી શકશે.

૩. સદરહુ દરખાસ્તનો ગુણ–દોષ ઉપર કોઈ નિર્ણય કરવામાં આવેલ નથી.

હુકમ આજરોજ તારીખ ૦૯મી માહે – જુલાઈ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

રાજકોટ.
તા. ૦૯/૦૭/૨૦૨૬

(અશ્વીનકુમાર કેશવલાલ શાહ)
૬ઠ્ઠા અધિક ડિસ્ટ્રીકટ જજ,
રાજકોટ
GJ00663